# ટાટા પાવરની ક્લબ દ્વારા બાળ દિવસ નિમિત્તે જાગૃતિ રેલીનું આયોજન થયું

ક્લબ એનર્જી, ટાટા પાવરની રાષ્ટ્રવ્યાપી ચળવળ, જે રીત દેશ ઉર્જા અને કુદરતી સ્રોતનો ઉપયોગ કરે છે તેની રીત બદલી રહી છે, એક સમયે એક શહેર. આ પ્રયત્નમાં, બાળ દિવસ પર ટાટા પાવરની ક્લબ એનર્જીએ, મહા જાગૃતી રેલીનું અમદાવાદમાં આયોજન કર્યુ હતું.

૨૦૧૬-૧૭??? ક્લબ એનર્જીની જુદી જુદી રેલીઓ અને પહેલ દ્વારા, અમદાવાદના વિદ્યાર્થીઓએ આશરે ૧,૫૪,૯૧૧ શહેરીજનોને પ્રાઈમરી કોન્ટેક પ્રોગ્રામ દ્વારા. અને સેકેન્ડરી સેન્સેટાઈઝેશન દ્વારા જાગૃત કર્યા છે અને ૪,૦૧,૮૩૫ યુનીટની ઉર્જાનો શહેરમાં બચાવ કર્યો છે.

બાળ દિવસ પર રેલીનો ઉદેશ અમદાવાદમાં વધુ લોકોને સ્વ ચોખ્ખાઈ, સામાજીક જીવન અને ઉર્જા બચત અંગે જાગૃત કરવાનો હતો. વિદ્યાર્થીઓ અને શિક્ષકો એ શ્રીમતી નીતુ ઠક્કર, જે ટાટા પાવર ક્લબ એનર્જીના એનર્જી મેન્ટર છે તેમની મેન્ટરશીપ હેઠળ તેમને શેરી નાટક હેવમોર કોર્નર, વસ્ત્રાપુર લેક સામે યોજયું હતું,

શ્રી અનીલ સરદાના, એમડી અને સીઈઓ, ટાટા પાવર જણાવે છે કે અમે અમદાવાદના દરેક બાળક ને હેપી ચીલ્ડ્રન્સ ડે ની શુભેચ્છા પાઠવીએ છે. અમે આ ઉર્જા બચતના યુવા ચેમ્પીયનોના આભારી છીએ કે જેમણે દેશ જે રીતે વિજળીનો અને કુદરતી સ્ત્રોનો વપરાશ કરી રહ્યો છે તેની રીત બદલવામાં મદદ કરી રહ્યાં છે. આજના બાળકો વિશ્વનું ભવિષ્ય છે અને તેમનું પર્યાવરણના બચાવ માટેનું યોગદાન અમૂલ્ય છે. હું વિદ્યાર્થીઓ અને સંત કબીર સ્કુલના સંચાલકોનું આ પહેલને સફળ બનાવવા માટે આભાર માનું છું તથા તેમને ભવિષ્યના કાર્યક્રમો માટે શુભેચ્છા પાઠવું છું.